# વીક એન્ડ માણવાનું ફેવરીટ ડેસ્ટીનેશન બન્યા ગરબા ગ્રાઉન્ડ

## રવિવારની રજામાં વસાહતીઓ નવરાત્રીની રોનક જોવા અને ગરબા રમવા ઉમટી પડ્યા : ભીડને કાબુમાં રાખવા આયોજકો અને પોલીસને ભારે પરેશાન થઈ

ગાંધીનગર, તા. ૨૧

ઉમંગ, ઉલ્લાસ અને આનંદના પર્વ નવરાત્રીને માણવા ગાંધીનગરાઓ ગરબા ગ્રાઉન્ડ પર ઉમટી રહ્યા છે. રવિવારની રજામાં તો શહેર આખુ જાણે મેળામાં ફેરવાઈ ગયું હતું. મોડી રાત સુધી આખુ શહેર ધમધમ્યુ હતું.

ગાંધીનગરમાં એવા ઘણાં યુવાનો વસાહતીઓ છે જેઓ નવરાત્રી દરમ્યાન માત્ર એકાદ-બે દિવસ જ ગરબા જોવા કે રમવા જાય છે. તેમના માટે રવિવારની રજા શ્રેષ્ઠ પુરવાર થઈ હતી. સામાન્ય દિવસોમાં રજા દરમ્યાન બગીચાઓમાં ફરવા અને ફિલ્મ જોવા જતાં પરિવારોએ પાસની વ્યવસ્થા કરી નવરાત્રીની મજા માણી હતી. વીકએન્ડમાં રવિવારની રજાના દિવસે ગરબા ગ્રાઉન્ડમાં હરવા ફરવા અને નવરાત્રીને માણવા માટે શહેરીજનો ઉમટી પડ્યાં હતા. શહેરના તમામ પાર્ટીપ્લોટમાં ખુબજ ભીડ જોવા મળી હતી. પરિસ્થિતિ એવી પેદા થઈ હતી કે કેટલાકે તો ઉભા ઉભા જ ગરબા જોવા પડ્યા હતા. રાત્રે ૧૦ થી ૧૨ દરમ્યાન તો માર્ગો પર ખુબ ટ્રાફિક રહ્યો હતો. ઘ-૪નો બગીચો, ફુવારો અને સ્વર્ણિમ પાર્કનો વિસ્તાર પણ નવરાત્રીના કારણે મોડીરાત સુધી નગરજનોની ચહલપહલથી ધમધમ્યો હતો. તમામ રેસ્ટોરન્ટ અને હોટલો મોડી રાત સુધી હાઉસફુલ રહી હતી. ઠંડા પીણા અને આઈસ્ક્રીમના પાર્લરો પણ મોડે સુધી ખુલ્લા રહ્યા હતા. ન્યુ ગાંધીનગરના ઘણા વસાહતીઓ ખાસ નવરાત્રી માણવા જ શહેરમાં આવ્યા હતા. એક તબક્કે તો ભીડ એટલી બધી વધી ગઈ હતી કે તેને કાબુમાં કરતા આયોજકો અને પોલીસને નાકે દમ આવ્યું હતું.




### આઠમા દિવસે દુર્ગા શ્રી મહાગૌરી

આદિશક્તિ દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે શ્રી મહાગૌરી આમનો વર્ણ ગોરો છે એટલા માટે તેમને મહાગૌરી કહેવામાં આવે છે. નવરાત્રીના આઠમા દિવસે આમની પૂજા કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનું ચિત્ત સોમચક્ર ઉર્ધ્વ લલાટ પર સ્થિર કરીને સાધના કરવી જોઈએ. શ્રી મહાગૌરીની આરાધના કરવાથી સોમચક્ર જાગૃત થવાથી તેની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમની ઉપાસના કરવાથી અસંભવ કાર્ય પણ સંભવ બની જાય છે.

# શહેરમાં મોડી રાત્રે આતંક મચાવતા બાઈકર્સ સ્ટંટબાજ

## મુખ્યમાર્ગો પર છાકટા બનતા બાઈકર્સ ભય ફેલાવે છે : બાઈક સ્ટેન્ડ ઘસડી નબીરાઓ તિખારા ઉડાડે છે

ગાંધીનગર, તા.૨૧

ગરબે ઘુમીને મોડી રાત્રે ઘરે જવા નીકળતી યુવતીઓને આકર્ષવા માટે બાઈકર્સ અને સ્ટંટબાજો ઘ અને ચ માર્ગને રીતસરનો બાનમાં લઈ લેતા નજરે ચઢે છે. પુરપાટ ઝડપે હાઈવે પર બાઈક છોડી મુકીને રોડ સાથે બાઈક સ્ટેન્ડ ચાલતી બાઈકે ઘસડીને તિખારાઓ કરી આ સ્ટંટબાજો આખો રોડ માથે લઈ લે છે. છાકટા બનીને સ્ટંટ બતાવતા આ શખ્સોથી ભયંકર અકસ્માત થવાનો ભય રહે છે. જેથી પોલીસે મોડીરાત્રે માર્ગો પર સ્ટંટબાજી કરતાં નબીરાઓને પકડીને સબક શિખવવાની આવશ્યકતા ઉભી થવા પામી છે.

નવરાત્રીના પર્વમાં ખેલૈયાઓને ગરબે ઘુમવાનો તરવરાટ હોય છે તો આવારા તત્ત્વોને આવા સમયે છાકટા બનીને યુવતીઓનું ધ્યાન આકર્ષવામાં રસ હોય છે. ગરબે ઘુમીને પરત ફરતી સોળ શૃંગાર કરેલી યુવતીઓને અભિભુત કરવા આ અસામાજીક તત્વો રાત્રે અવનવા સ્ટંટો કરતા જોવા મળે છે. જે સ્ટંટ વખતે જો ગફલત થઈ જાય તો સ્ટંટમેન અથવા અન્ય કોઈ પણ વ્યકિત મટે જીવલેણ સાબિત થાય તેવા હોય છે. રાત્રે ઘ માર્ગ અને ચ માર્ગ પર બાઈકર્સ ગેંગ અને સ્ટંટબાજો ચિચિરાયીઓ સાથે બેફામ ગતિએ નિકળી આખા રોડને બાનમાં લઈ લે છે. ઘ-૪ સર્કલથી વિધાનસભા તરફના રસ્તા પર પણ આ તત્વો ખેલૈયાઓ ગરબે ઘુમીને નિકળે ત્યારે ધ્યાન તેમની પર કેન્દ્રીત કરવા નીતનવા નુસખાઓ ચાલુ બાઈકે કરતાં દેખાય છે. આ નબીરાઓના કૃત્યથી અકસ્માતનો ભય ફેલાય છે. પોલીસે રાત્રે આવા શખ્સોને પાઠ ભણાવાની જરુર ઉભી થવા પામી છે.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડા વિસ્તારમાં ગબ્બરનું અનોખુ આકર્ષણ

નવરાત્રી એટલે મા આરાધનાના દિવસો આ પવિત્ર પાવન પર્વમાં મા અંબા જગતજનની જગદંબાની મૂર્તિ અને માંડવડીઓનું વિશિષ્ટ રીતે સ્થાપન કરવામાં આવે છે. જેમાં મા ની સ્તુતિ પૂજા અર્ચના કરી સમુહ આરતી કરવામાં આવે છે. આસો સુદ એકમથી મા ની શક્તિ અને ભક્તિની આરાધનામાં નવરાત્રીનો શુભારંભ થયો ત્યારે નાના-ભુલકાંઓ ગરબે ઘુમવા તાલાવેલી સાથે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબાની રમઝટમાં જોડાઈ કંઈક અનેરો ઉત્સાહમાં મન મુકીને નાચવા થનગનાટ અનુભવી રહ્યા છે.

જ્યારે કેટલાક નાના-ભુલકાઓ પોતાની સંસ્કૃતિની ઓળખ અપાવવા-પોત પોતાના ફળિયામાં અનોખા ગબ્બરનું સર્જન કરી શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા છે. ચિલોડા જનકપુરી સોસાયટીમાં પરંપરાગત મા અંબાનો ગબ્બર કંઈક અનોખુ આકર્ષણનું ધામ બન્યું છે. આ ગબ્બરની સર્જનમાં માઈ ભક્ત યુવાનોએ દશ દિવસની અવિરત મહેનત કરી માટી અને પથ્થર લાવી રાત-દિવસ શક્તિ કામે લગાડી હતી. આ ગબ્બરમાં આધુનિકતા અને ગ્રામીણ સંસ્કૃતિના તત્વોના દર્શન જોવા મળે છે. ગબ્બરમાં સરોવરો, પર્વતો, પહાડી રસ્તાઓ, ગુફાઓ, પશુ પક્ષીઓના અભયારણ્યો વન વિસ્તાર, આધુનિક પરિવહનના વાહનો, હાઈવે માર્ગોની રચના પ્રવેશ દ્વારો, ફરતી માંડવડી વગેરે આકર્ષણરૂપ બન્યા છે. આ ગબ્બરે નવરાત્રી નિમિત્તે સાંજે સોસાયટીના રહીશો દ્વારા નિયત ક્રમ મુજબ આરતી અને પ્રસાદ દ્વારા પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી રહ્યા છે. આ ઉપરાંત ચિલોડા વિસ્તારમાં શેરીએ શેરીએ પ્રાચીન ગરબાંુ આયોજન કરી નવરાત્રીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. જ્યારે પ્રાંતિયા ગામે પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી થઈ રહી છે. જ્યારે પ્રાંતિયા ગામે પરંપરાગત રીતે ભવ્ય ગબ્બરનું આયોજન કરી ગ્રામજનો અને ઉત્તર ગુજરાતના માઈ ભક્તો દર્શનાર્થે આવી ભક્તિભાવથી ધન્યતા અનુભવી રહ્યા છે.

# ગાંધીનગર-ચિલોડા બસમાં ગઠીયાએ યુવતિના ગળામાંથી દોરો સેરવી લીધો

## એન્જિનીયરીંગ કોલેજની વિદ્યાર્થીની ચિલોડા પહોંચ્યા બાદ બસમાંથી ઉતરી ત્યારે સોનાનો દોરો ગાયબ !

ગાંધીનગર, તા.૨૧

'સલામત સવારી એસ.ટી. અમારી'માં પણ હવે મુસાફરોએ જાનમાલ માટે વિશેષ સાવધ રહેવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાની સ્થિતિ છે. એસ.ટી. બસ સ્ટેન્ડ સહિત બસમાં પણ જાણભેદુ ગઠીયાઓ મોકો મળતા જ હાથફેરો કરી લેતા મહિલાઓની સલામતી વિશેષ રીતે જોખમાઈ છે. આજે પણ ગાંધીનગર-ચિલોડા રૂટની બસમાં અપડાઉન કરતી કોલેજીયન યુવતિનો કોઈ ગઠીયાએ સોનાનો દોરો સેરવી લીધો હતો.

શહેરી વિસ્તારમાં તસ્કરી પ્રવૃત્તિનું દૂષણ મજબૂત રીતે પાંગર્યું છે. શહેરમાં ઘરફોડ, વાહનચોરી સહિતના બનાવો રોજબરોજનો નિત્યક્રમ બની ગયો છે. જયારે શહેરના જાહેર સ્થળોએ પણ ગઠીયાઓની ગેંગ સક્રીય થતા ગમે તે ઘડીએ મોકાનો લાભ ઉઠાવી લે છે. શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં ચેઈન સ્નેચર અને પીક પોકેટર્સને અનેકવાર રંગે હાથ પકડી લેવાયા હોવાના કિસ્સા છે. આજે પણ ગાંધીનગર ચિલોડા રૂટની બસમાં એક કોલેજીયન યુવતિ તસ્કરીવૃત્તિનો ભોગ બની હતી. શહેરની એન્જિનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતી યુવતિ મોટા ઈસનપુર જવા માટે ગાંધીનગરથી ચિલોડા જવા માટે બસમાં બેઠી હતી. આ દરમિયાન બસમાં તેની બાજુમાં કોઈ દાઢીવાળો ઈસમ બેઠો હતો. યુવતી ચિલોડા પહોંચતા તેના ગળામાંથી સોનાનો દોરો ગાયબ થઈ ગયો હતો. ગભરાયેલી યુવતિએ આ અંગે ચિલોડા પોલીસને જાણ કરી હતી. ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.બી. વાઘેલાએ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૬ના મેદાનમાં રહેતો યુવાન ગુમ

સેકટર-૬ના ખુલ્લા મેદાનમાં રહેતા મલ્ટ્રીબાઈના ઓક પદમસિંઘ હરીસિંઘ ઉર્ફે કાળો. સોમનોભાઈ મલ્હોગ ઉ.વ. ૧૭ કોઈને કર્યા વગર ક્યાંક જતો રહેલ છે. જેનો આજદિન સુધી મળેલ નથી. તેમ સેકટર-૭ના પોલીસ ઈન્સ્પેકટર પી.ટી. બોદરે અખબારી યાદીમાં જણાવલે છે.

## સવિતા ગોવિંદ અંગ્રેજી માધ્યમની શાળાના ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ગરબાની રમઝટ બોલાવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી સવિતા ગોવિંદ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં નવરાત્રી પર્વના મહોત્સવ અંતર્ગત ધોરણ- ૬ થી ધોરણ-૮ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. સવારે ૮ થી ૧૧ના સમયગાળા દરમિયાન દરેક ધોરણના વિદ્યાર્થીઓએ ખાસ હાજરી આપી મા આદ્યશક્તિની આરતી વંદના શિક્ષકગણ અને આચાર્યા સાથે કરી ગરબાની રમઝટ બોલાવી હતી.

શાળાના પટાંગણમાં ધોરણ- ૬ થી ૮ના એ, બી. સી. ડી અને ઈ વિભાગના વિદ્યાર્થીઓએ પોતાના વર્ગ શિક્ષકો સાથે વિવિધ વેષભૂષામાં ખાસ કરીને ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા માણ્યા હતા. દરેક ધોરણના પાંચ વિભાગો પ્રમાણે ટ્રેડીશનલ ડ્રેસમાં પ્રથમ અને બેસ્ટ ખેલૈયામાં પ્રથમ નંબર આપી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. શાળાના ધોરણ-૬માં બેસ્ટ ખેલૈયા તરીકે હિરવા ઓબેરોય, પ્રિયાલ મિસ્ત્રી, નિધિ મારુ, જહાનવી રાવલ અને શકસ ગજ્જરને તથા બેસ્ટ ડ્રેસમાં માહિ શાહ, રીયા નિમાવત, જહાનવી પાઠક, આયુશી અને વિધિ રાઠોડનો નંબર આવ્યો હતો. ધોરણ-૭માં બેસ્ટ ખેલૈયા તરીકે યાની પટેલ, ક્રિયાન્સી પટેલ, જાન્વી ચૌધરી, ઋતુ પટેલ, મુશ્કાન મોદીનો તથા બેસ્ટ ડ્રેસમાં કેતુલ પટેલ, નિધિ વાજા,

● અનુસંધાન પાના-૫ પર

## સિવિલ હોસ્પિટલમાંથી યુવતી ગુમ થયેલ છે

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાંથી તા. ૧૮મી જૂનના રોજ ગીતાબેન ડીઓડ બશીગુલ્લા દરબાર (આદિવાસી) ઉ.વ. ૧૫ મુળ સાગવા પાટડી, પોસ્ટ ખવાના તા. થાંદલા, જિ. જમ્બુમા મધ્યપ્રદેશની ગુમ થયેલ છે. પાણી ભરવા જાઉં છું. તેમ કહીને ગયેલ હતી. જે હજુ સુધી મળી નથી.

# ભરચક મેદનીએ ગરબા ગ્રાઉન્ડને ઘમરોળ્યું

## ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાની મહેક દેશના સીમાડા વટાવીને વિદેશ સુધી પહોંચી

ગાંધીનગર, તા. ૨૦

પાંચમા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડને માનવમેદનીના ઘોડાપુરે મધરાત સુધી ઘમરોળ્યું હતું અને આ ગરબાની મહેક દેશના સીમાડા વટાવીને વિદેશ સુધી પણ સારી પેઠે પહોંચી ગઈ છે એ બાબતનો અનુભવ ગરબા ગ્રાઉન્ડમાં ઉપસ્થિત સૌ ગરબા રસિકોએ કર્યો હતો.

આજે રવિવાર હોવાથી ગઈકાલે રાત્રે મોટી સંખ્યામાં ગરબા રસિકોએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા જોવા માટે ધસારો કર્યો હતો. સાડા આઠ વાગ્યાથી જ માનવપ્રવાહ ગરબા ગ્રાઉન્ડ તરફ વળવા માંડ્યો હતો અને દસ વાગ્યા સુધીમાં તો ગ્રાઉન્ડ ચિક્કાર ભરાઈ ગયું હતું. ખેલૈયાઓ અને દર્શકોથી ગ્રાઉન્ડનો ખૂણેખૂણો ભરાઈ ગયો હતો. આ ગરબા રસિકોમાં ગાંધીનગર ઉપરાંત, અમદાવાદ અને ગાંધીનગર આસપાસનાં ગામોના રસિકોનો સમાવેશ પણ થતો હતો. નાનાં બાળકોથી માંડીને વયસ્કો સુધીના સૌ ગરબા રસિકો મન મુકીને ગરબે ઘૂમ્યા હતા. દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કર સાથે વૃંદે ગીત-સંગીતનો સુંદર સાથ ખેલૈયાઓને આપ્યો હતો.

આ ગરબા ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલા બે વિશાળ એલઈડી સ્ક્રીન પણ ખાસ્સા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, સ્ક્રીનની વિશાળતા અને ક્રિસ્ટલ ક્લિઅર પિક્ચર ગ્રાઉન્ડના કોઈપણ ભાગમાંથી ગરબા રમતા ખેલૈયાઓનું લાઈવ ટેલિકાસ્ટ દર્શાવે છે ને એ કારણે દર્શકો ગ્રાઉન્ડમાં કોઈપણ ભાગે બેસીને આરામથી ગરબા નિહાળી શકે છે. અહીં આવતા ગરબા રસિકોના મતે ગ્રાઉન્ડમાં ગરબા બે જગ્યાએ યોજાય છે : એક જગ્યા છે સેન્ટ્રલ ગ્રાઉન્ડ જ્યાં ખેલૈયાઓ ગરબે ઘૂમે છે અને બીજું સ્થળ છે એલઈડી, જ્યાં એમને જોવા હજારો લોકો એકત્ર થાય છે !

ઍચડી કૅમેરા રિઝલ્ટ, ઈન્ટરનેટ અને વિડીયો કૉલીંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સુપેરે કરતાં કલ્ચરલ ફોરમે ગઈકાલે ગરબા રસિકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે આ ગરબાનું લાઈવ ટેલીકાસ્ટ બે વેબસાઈટ પરથી થઈ રહ્યું છે અને બે વેબસાઈટ એનું રેકોર્ડીંગ્સ દર્શાવી રહી છે. આમ, કુલ ચાર વેબસાઈટના માધ્યમથી દુનિયાભરમાં આ ગરબા લોકો નિહાળી રહ્યા છે. આવા જ ગરબાપ્રેમી લોકો પૈકી જૉર્ડન, ઑસ્ટ્રેલિયા અને યુએસએથી ગરબા નિહાળનારા યુવાઓને ગરબા વિશે અભિપ્રાય આપતા વિશાળ સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યા હતા. વિદેશમાં વસતા ગુજરાતીઓને અહીંના ગરબા વિશે પ્રતિભાવ આપતા અહીં હજારો ગરબા રસિકોએ માણ્યા હોય એવો પણ ગાંધીનગરના ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ હતો. પ્રતિભાવ આપનારા સૌ યુવાઓએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના સફળ આયોજન ઉપરાંત સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરાની જાળવણી માટેના તેના આ પ્રયાસને બે મોઢે વખાણ્યો હતો.

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ
### પાંચમા નોરતાનું પરિણામ

| કૅટેગરી | વિનર | રનર્સ અપ |
|---|---|---|
| ચાઈલ્ડ બૉય | સ્મિત પટેલ | પર્વ પટેલ |
| ચાઈલ્ડ ગર્લ | શર્વિ વ્યાસ | વેદાંશી દવે |
| કીડ બૉય | બંસીલ પંડ્યા | જેતુન પટેલ |
| કીડ ગર્લ | ચાર્મી ચૌહાણ | મસ્તી ત્રિવેદી |
| ટીનેજર બૉય | મનન ભટ્ટ | અક્ષ રાઠોડ |
| ટીનેજર ગર્લ | ધારાંગી પટેલ | પૂજા ગાંધી |
| ડ્રેસ પ્રિન્સ | યોગેશ થારાની | નિકુંજ મકવાણા |
| ડ્રેસ પ્રિન્સેસ | દીપલ પરમાર | નિર્ઝરી ભાવસાર |
| પૅર | મેહુલ ભોજક | અનિલ પંડ્યા |
| | રીતિ ગોહિલ | અનુપા પંડ્યા |
| પરફૉર્મન્સ પ્રિન્સ | ભાવેશ આગજા | નિરવ વૈદ્ય |
| પરફૉર્મન્સ પ્રિન્સેસ | પિંકી મુન્દ્રા | ગોપી પંડ્યા |

નિર્ણાયક : નીતિન દવે, પ્રકાશ જોષી, શીતલ મકવાણા



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯

સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૦.૫ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૧૫, ૩.૧૫, ૯.૩૦
ઈંગ્લીશ વિંગ્લીશ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
શુદ્ર : ૧૦.૦૦, ૫.૦૦
ઐય્યા : ૧૨.૦૦
દિલ્હી સફારી : ૩.૦૦
મખ્ખી : ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
દિલ્હી સફારી (૩ડી) : ૧૨.૩૦, ૫.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૫.૧૫
ઈંગ્લીશ વિંગ્લિશ : ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લિશ : ૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૮.૩૦, ૧૧.૨૦, ૨.૦૫, ૪.૫૦, ૭.૩૫, ૧૦.૨૦

### સૂર્યા, વાવોલ

મખ્ખી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કોઈનું સિંદુર કોઈના માથે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫
ભૂત રીર્ટન : ૨.૦૦, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૧૫
મખ્ખી : ૯.૪૫

### ચિરાગ, કલોલ

ચુંદડીના સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. માન-સન્માન પ્રાપ્ત થશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. સગા-સંબંધીઓથી મુલાકાત થશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. વિરોધીઓ હેરાન કરી શકે છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓ હેરાન કરી શકે છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભા થઈ શકે છે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : આવક સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

● સ્વ. અશોકભાઈ ખોડાભાઈ વાઘરી (ઉ.વ. ૩૫) કલ્પનાનગર સોસાયટી, સુપર સિનેમા, કોડાદરા, સુરત.